ગાંધીનગર સમાચાર

નવરાત્રીમાં સીઝનનો પાંચ ટકા
વરસાદ છતાં હજુ ૧૮ ટકાની ઘટ

# ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમના ગરબા શ્રેષ્ઠ : વિજય રૂપાણી

## નોરતાના છેલ્લા દિવસે મુખ્યમંત્રી કલ્ચરલ ફોરમમાં મહેમાન બન્યા :આસુરી શક્તિ ખતમ થાય અને શક્તિશાળી રાષ્ટ્રના નિર્માણ માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના



ગાંધીનગર તા ૧૧

નવરાત્રિ મહોત્સવની ઉજવણીમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા શ્રેષ્ઠ થાય છે. કલ્ચરલ ફોરમ દ્વારા અનેકવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃતિ કરવામાં આવે છે. તેમ જણાંવતા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવરાત્રિને શક્તિની આરાધના અને નારીશક્તિને સન્માનવાનુ પર્વ હોવાનુ પણ ઉમેર્યુ હતુ. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં સે-૬ ના ચાંચર ચોકમાં ગરબા માંણવા મહેમાન બનેલા મુખ્યમંત્રીએ સંસ્થાની પ્રવૃતિને પણ બિરદાવી હતી. તેમણે નવરાત્રિના આ પર્વમાં માતાજીની શક્તિ થકી ગુજરાત તેમજ દેશ ખુબ જ શક્તિશાળી બને અને આસુરી શક્તિ ખતમ થાય તેવી પ્રાર્થના કરી સૌને વિજ્યાદશમીના પર્વની શુભકામના પાઠવી હતી.



ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં છેલ્લા દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણી મહેમાન બન્યા હતા. કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવને નિહાળી તેમણે મહોત્સવના આયોજનને બિરદાવ્યુ હતુ. તેમણે આ પ્રસંગે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમમાં શ્રેષ્ઠ ગરબા થાય છે. સંસ્થા દ્વારા અનેકવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃતિ પણ હાથ ધરવામાં આવે છે. નવરાતના અંતિમ દિવસે તેમણે મેગા ફાઈનલના સ્પર્ધકોને પણ શુભેચ્છા પાઠવી હતી. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે નવરાત્રિ શક્તિની આરાધના તેમજ નારી શક્તિને સન્માનિત કરવાનુ પર્વ છે. ત્યારે માતાજી આપણને ખુબ શક્તિ આપે અને તેના માધ્યમથી ગુજરાત તેમજ સમગ્ર દેશ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૭મીથી મલેરિયા અંગે ત્રીજા તબક્કામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

## બે તબક્કાના સર્વેલન્સમાં સાત હજારથી વધુ લોહીના નમૂના લેવાયા : ૧૦ હજાર જેટલા સ્થાનોએથી બ્રિડીંગ મળ્યા હતા

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લામાં થયેલા પાછોતરા વરસાદને પગલે હવે ત્રીજા તબક્કામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ વાહકજન્ય રોગચાળા અંગે હાથ ધરવાનો નિર્ણય રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે.

આગામી ૧૭મી ઓક્ટો.થી ૨૨મી ઓક્ટો. દરમ્યાન આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો ત્રીજો તબક્કો હાથ ધરવામાં આવશે. ત્રીજા તબક્કાના સર્વેલન્સમાં જે ગામો, ફળિયામાંથી વાહકજન્ય રોગચાળાના દર્દીઓ મળ્યા છે ત્યાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં તમામ ગામોને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

જિલ્લામાં બે તબક્કાના કરાયેલા સર્વેલન્સ દરમ્યાન સાત હજારથી વધુ સ્લાઈડ બ્લડ સેમ્પલની લેવામાં આવી છે. તો ૧૦ હજાર જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

વાહકજન્ય રોગચાળા અંગે સરકાર દ્વારા પ્રથમવાર આ રીતે સર્વેલન્સની સામુહિક કામગીરી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આશા કાર્યકરો, મલ્ટી પરપઝ હેલ્થવર્કર સહિતના ૨૫૦૦થી વધુ કર્મચારીઓ આ સર્વેલન્સની કામગીરીમાં જોતરાશે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્ર દ્વારા નવી હેલ્થ પોલિસી તૈયાર થઈ રહી હોવાથી આ કવાયતો હાથ ધરવામાં આવી છે. અગાઉ આંખ, ડાયાબીટીસ, કેન્સર સહિતના ૧૯ જેટલા રોગને લઈ સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. હવે વાહકજન્ય રોગચાળાને લઈ આ સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. જેથી સર્વગ્રાહી હેલ્થ પોલિસી તૈયાર થઈ શકે.

# નવરાત્રીમાં સીઝનનો પાંચ ટકા વરસાદ છતાં હજુ ૧૮ ટકાની ઘટ

ગાંધીનગર, તા. ૧૧

નવરાત્રીના દિવસો દરમ્યાન જિલ્લામાં સિઝનનો પાંચ ટકા વરસાદ વરસ્યો હતો. નવરાત્રીના દિવસો દરમ્યાન છેલ્લા દસકામાં બીજીવાર વરસાદ નોંધાયો છે.

અગાઉ ૨૦૧૩માં નવરાત્રીના દિવસો દરમ્યાન પાંચ દિવસ વરસાદ પડ્યો હતો. આ વખતે ૪ દિવસ વરસાદ પડ્યો પરંતુ સિઝનનો પાંચ ટકા જેટલો વરસાદ પડતાં આયોજકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

જિલ્લામાં નવરાત્રી પર્વ પહેલા ૭૭ ટકા જેટલો વરસાદ સિઝનનો નોંધાયો હતો. જ્યારે આ જ તારીખ સુધીમાં સિઝનનો ૮૨ ટકા વરસાદ નોંધાયો છે. આમ નવરાત્રી દરમ્યાન પાંચ ટકા વરસાદ થયો છે. જો કે આ વરસાદ પછી પણ જિલ્લામાં ૧૮ ટકા જેટલી વરસાદની ઘટ રહે છે.

નવરાત્રીનું પર્વ સંપન્ન થતાં જ હવે ખેડૂતો ખેતરમાં ઉભેલા પાકની લણણી માટેનું આયોજન કરી દીધુ છે. કેટલાક ખેડૂતોએ આ પર્વ અગાઉ લણણીનું કાર્ય આરંભ્યુ હતુ પરંતુ વરસાદ થતાં તે બંધ કર્યુ હતુ.

જિલ્લામાં અત્યાર સુધીમાં દહેગામમાં ૭૫૦ મિ.મિ., ગાંધીનગરમાં ૫૫૨ મિ.મિ., કલોલમાં ૬૨૩ મિ.મિ. અને માણસામાં ૭૩૯ મિ.મિ. વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં સતત છેલ્લા ત્રણ વર્ષથી વરસાદની સરેરાશ ઘટી રહી છે. એટલે ખેડૂતોએ આ વખતે પાક પેટર્નમાં પણ બદલાવ કર્યો છે. મળતી વિગતો પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષમાં દહેગામ તાલુકામાં ૨૦૧૪માં ૬૬૧ મિ.મિ., ૨૦૧૫માં ૬૬૯ મિ.મિ. અને ચાલુ વર્ષે ૭૫૦ મિ.મિ., ગાંધીનગરમાં ૨૦૧૪માં ૫૫૯ મિ.મિ., ૨૦૧૫માં ૫૫૮ મિ.મિ., ૨૦૧૬માં ૫૫૨ મિ.મિ., કલોલમાં ૨૦૧૪માં ૮૦૩ મિ.મિ., ૨૦૧૫માં ૫૯૯ મિ.મિ. અને આ વર્ષે ૬૨૩ મિ.મિ. વરસાદ પડ્યો છે. માણસામાં ૨૦૧૪માં ૮૨૩ મિ.મિ., ૨૦૧૫માં ૭૩૯ મિ.મિ. અને ૨૦૧૬માં ૭૩૯ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

## સેક્ટર-૬માં રાવણ દહન કાર્યક્રમ



# અધર્મ અને અત્યાચારના રાવણનું દહન કરી વિજયાદશમી ઉજવાઈ

સોમવારે આસો સુદ-૧૦ના રોજ શહેરમાં વિજયાદશમીનું પર્વ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યું હતું. દશેરાના પર્વ નિમિત્તે શહેરના સેક્ટર-૬માં પોસ્ટ ઓફિસ ચોકમાં ચ-ટાઈપ આવાસોના રહીશો દ્વારા રાવણદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અહીં રાવણના ૧૫ ફૂટ ઊંચા પૂતળાનું મોડી સાંજે દહન કરવામાં આવ્યું હતું.


દશમે દસ અવતાર જય વિજયા દશમી, રામે રાવણ રોળ્યો... આસુરી શક્તિ પર દૈવી શક્તિનો, અસત્ય પર સત્યનો વિજય અન્યાય પર ન્યાયનો વિજય એટલે દશેરા. સમા રાવણને નમ્રતા, સંયમ, ધર્મ તથા સદાચારના દેવ રામે મેળવેલ વિજયનું પર્વ એટલે વિજયા દશમી. દર વર્ષે રાવણરૂપી અનિષ્ટોને બાળી રામરૂપી દૈવી તત્વો જગાવવા આ તહેવારમાં રાવણદહન કરવામાં આવે છે. ગાંધીનગરના સેક્ટર-૬માં ચ-ટાઈપ આવાસના રહીશો દ્વારા ૧૫ ફૂટ ઊંચો રાવણ તૈયાર કરાયો હતો. દશેરાના દિવસે મોડી સાંજે ૮ વાગે મોટી સંખ્યામાં રહેવાસીઓની ઉપસ્થિતિમાં રાવણના પૂતળાનું દહન કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મેદનીએ ભગવાન રામના નામનો જય જય કાર કર્યો હતો. બાળકોએ આનંદિત થઈ હર્ષની ચિચિયારીઓ પાડી હતી.



હે મા.... - નવરાત્રીની અંતિમ રાત્રીએ ગરબા ખેલૈયાઓ મન ભરીને ગરબે રમ્યા હતા... કલ્ચરલ ફોરમના ચાચર ચોકમાં અંતિમ ચરણે ગરબા પ્રેમીઓ છલકાયા હતા... દસ રાત્રીના ગરબા ખેલૈયાઓ વચ્ચે મેઘા ફાઈનલ યોજાઈ હતી... એક એકથી શ્રેષ્ઠ ખેલૈયાઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધા માણવા પણ વિક્રમી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા....

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

હાર્દિક અભિનંદન



અણદાભાઈ આર. પટેલ
કાંકરેજ વિભાગમાંથી આપ સાહેબની સતત પાંચમી વખત ઝળહળતી જીત થવા બદલ અને કાંકરેજમાં બનાસ બેંકના ડિરેક્ટર તરીકે ચૂંટાવવા બદલ ખૂબ અભિનંદન... આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી શુભેચ્છા સહ...
લી.
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરા
મુ. થરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા
હસમુખભાઈ ચૌધરી — સેક્રેટરી
ભૂપતાજી ઠાકોર — વા. ચેરમેન
તથા તમામ કમિટી સભ્યશ્રીઓ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com